

December 31, 2018

# Quarterly Newsletter

HEALTH CARE IN YOUR HANDS

IN THIS ISSUE

## ખંભાત ઓએનજીસી તરફથી 15 લાખની ગ્રાન્ટ

એકસંઘ દ્વારા  કેન્સર જાગૃતિ અભિયાન માટે ખંભાત ઓએનજીસી ને પહેલી દરખાસ્ત આપી હતી અને તેને મંજૂરી પણ મળી ગઈ ! પરંતુ દરખાસ્ત ની મંજૂરી એકસંઘ મેનેજમેન્ટના સખત પરિશ્રમ વિના શક્ય નહોતી તથા ખંભાત કાર્ડિયાક કેર સેન્ટર માં અમિતભાઈ રાજપૂત અને સર્વાંગભાઇ જોશી ની મદદથી ઘણા ઓછા સમયમાં જરૂરી બધા જ દસ્તાવેજો તૈયાર કરી શક્યા.

ઓએનજીસી નું આ ડોનેશન સ્વીકારતા એકસંઘ ટીમના સભ્યો ખૂબ જ ઉત્સાહિત હતા જેના દ્વારા એકસંઘ  નજીકના અને દૂરના ગામોમાં કેન્સર જાગૃતતા વિષે ના "શેરી નાટક" દ્વારા શિક્ષણ અને કેન્સર નિવારણ કેમ્પ નું આયોજન કરી શકશે. એકસંઘ ટીમ ઓગસ્ટ ૨૦૧૮ થી જુલાઈ ૨૦૧૯ સુધીમાં ૨૫-૩૦ ગામ કેમ્પમાં આવરી લેશે . ભૂતકાળ માં એકસંઘ દ્વારા ચરોતર વિસ્તારના ઘણા  ગામડાઓ આવરી લેવામાં આવ્યા છે પરંતુ ભાલ, પેટલાદ અને આણંદ વિસ્તારના ગામડાઓમાં  પણ જવાની જરૂરિયાત છે . તથા એકસંઘ દૂરના  ગામડાઓ માં પણ  કેમ્પ નું આયોજન કરવાનું વિચારે છે

જ્યાં હજી સુધી પૂરતા પ્રમાણ માં મેડિકલ સુવિધા મળતી ના હોય અને જે ગામડાઓમાં કેમ્પનું આયોજન થયેલ ના હોય તેવા ગામડાઓમાં જઈને કેન્સર સ્ક્રિનિંગ અને કેમ્પનું  આયોજન એકસંઘ ટીમ દ્વારા કરવામાં આવે છે . અમે વિચારીએ છીએ ગ્રામજનો માટે કેમ્પનું આયોજન કરવાથી તેમની જીવનની ગુણવત્તા માં સુધારો થશે. જરૂતિયાતમંદ ગામમાં જ્યાં ફક્ત કેમ્પના બદલે તબીબી સારવાર પણ જરૂરી છે .

અમે ઘણા નસીબદાર કે કેમ્પમાં અમારી સાથે શ્રી કૃષ્ણ હોસ્પિટલ કરમસદના ઑન્કોલોજિસ્ટ ડૉ .પ્રિયંકા શ્રીવાસ્તવ પણ દર્દીઓ ને સેવા આપે છે . તથા ડૉ.આશિષ સોલંકી અને એકસંઘના સભ્ય ડૉ.અંજના રાવલ પણ તેમની સેવા આપે છે.

એકસંઘ નું મુખ્ય ધ્યેય વિવિધ કેન્સર પર જાગૃતતા અને કેન્સર વિષેનું શિક્ષણ  ફેલાવવાનું રહ્યું છે , પરંતુ અમે મોટા ભાગે સ્તન અને મોઢાના કેન્સર પર વધારે ધ્યાન આપીએ છે જે ભારતમાં વધારે પ્રમાણમાં જોવા મળે છે. કેન્સરની  શરૂઆતમાં કેન્સરના ચિહ્નો અને લક્ષણોને ધ્યાનમાં રાખી શીખવું એ સૌથી મહત્વપૂર્ણ છે .

૪૦ વર્ષ ઉપરની મહિલાઓ માટે દર વર્ષે મેમોગ્રાફી અને દર મહિને સ્તનની જાત તપાસ કરવી ખૂબ જરૂરી છે. યાદ રાખો  ખૂબ ઓછા પ્રમાણમાં પુરુષોમાં  પણ સ્તન કેન્સર જોવા મળે છે .પરંતુ ભારતમાં મોટી સંખ્યામાં  પુરુષોમાં તમાકુ ખાવાથી  મોઢાનું કેન્સર જોવા મળે છે. જેમાં  સ્ત્રીઓ પણ પુરુષોથી દૂર નથી , સ્ત્રીઓમાં પણ હવે મોઢાનું કેન્સર જોવા મળે છે .

તો  પણ આપણાં સમાજમાં તમાકુ ખાવું એ નિષેધ માનવામાં આવતું નથી તેના બદલે તે સમાજમાં સ્વીકારવામાં આવે છે . તેમ છતાં આશ્ચર્યજનક વાત એ છે કે તમાકુ ખાવાથી મોઢાનું કેન્સર થઈ શકે છે, તે હકીકત જાણ્યા પછી પણ તમાકુ ખાવાનું ચાલુ રાખે છે .

તો પણ  વ્હેલા  કેન્સરની  જાણ થાય તો જીવન બચી શકે  છે!

**લેખક : જયશ્રી રામી**

## કલમસર ગામમાં કેન્સર જાગતિ કેમ્પ







*કલમસર ખાતે પ્રથમ કેમ્પના ઉદઘાટનમાં ઓએનજીસીના સભ્યો શ્રી એસ .બી .સાબર , શ્રી સંજીબ પ્રહરાજ ,ડૉ ગૌરવ તથા શ્રી કૃષ્ણ હોસ્પિટલના ડૉ . પ્રિયંકા શ્રીવાસ્તવ અને અન્ય સ્ટાફ મેમ્બર કાર્ડિયાક કેર સેન્ટરના નંદુભાઈ અને જિગરભાઈ તથા એકસંઘ ના મેનેજર તેજલબેન શાહ ,તૃષાબેન ઠક્કર , નાટક ના ડાઇરેક્ટર : જીમેશભાઈ , પ્રોજેક્ટ કોઓર્ડિનેટર : પ્રીતિ વાલ્મીક અને એકસંઘના પ્રથમ બે સ્વયંસેવકો : ગોપીબેન ,બિરુદબેન સ્ટાફનર્સ : શકુબેન ,એકતા સોની તથા રેખાબેન*









*15 મી ઓગસ્ટ સ્વાંતત્રદીનનાં શુભ દિવસે લોકો ને મોઢાનાં કેન્સર અને સ્તન કેન્સર વિશે “શેરી નાટક “દ્વારા જાગૃત કરતી એકસંઘ ની ટીમ*





## જલસણ ગામમાં કેન્સર જાગૃતિ કેમ્પ








જલસણ ખાતે  કેમ્પમાં શ્રી કૃષ્ણ હોસ્પિટલના ડૉ. પ્રિયંકા શ્રીવાસ્તવ અને હિતેન પટેલ તથાડૉ.અંજનાબેન રાવલ ,એકસંઘ ના મેનેજર તેજલબેન શાહ,તૃષાબેનઠક્કર,પારૂલબેન ગાંધી નાટક ના ડાઇરેક્ટર : જીમેશભાઈ , પ્રોજેક્ટ કોઓર્ડિનેટર : પ્રીતિ વાલ્મીક અને એકસંઘના  સ્વયંસેવક : ચૈતાલીબેન  ,સ્ટાફનર્સ : શકુબેન ,ધરતી  તથા રેખાબેન તમામ નાં સહયોગથી કેમ્પ સફળ થયો . 63  જેટલા  દર્દીઓએ કેમ્પ માં ભાગ લીધો હતો .







વટાદરા ગામમાં  સ્તન કેન્સરની જાગૃતિ માટે  "શેરી નાટક" દ્વારા સમજાવતી એકસંઘ ટીમ

## વટાદરા ગામમાં કેન્સર જાગૃતિ કેમ્પ








*વટાદરા ખાતે કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં  શ્રી કૃષ્ણ હોસ્પિટલના ડૉ . પ્રિયંકા શ્રીવાસ્તવ તથા ડૉ .આશિષ સોલંકી ,એકસંઘ ના મેનેજર તેજલબેન શાહ  , પ્રોજેક્ટ કોઓર્ડિનેટર : પ્રીતિ વાલ્મીક અને એકસંઘના સ્વયંસેવકો : સોનલબેન ,દક્ષાબેન સ્ટાફનર્સ : શકુબેન ,ધરતી  તથા રેખાબેન  તમામએ પોતાનો અમૂલ્ય સમય આપીને કેમ્પને સફળ બનાવ્યો હતો . ૫૪ જેટલા દર્દીઓએ કેમ્પ નો લાભ લીધો અને તેમાથી ૪ જેટલા દર્દીઓને આગળની સારવાર માટે સલાહ આપવામાં આવી હતી .*

# એકસંઘ ની વાર્ષિક પિકનિક















## શ્રી કૃષ્ણ હોસ્પિટલ દ્વારા આયોજિત વોક-એ-થોનમાં ભાગ લેતા એકસંઘ ના સભ્યો














## *ડૉ .પુર્ણિમા પટેલ (યુએસએ ) સાથે સ્તન કેન્સર સર્જરી પછી શારીરિક ઉપચાર ની માહિતી આપતો સેમિનાર*











## મોતીપુરા  ગામમાં કેન્સર જાગૃતિ કેમ્પ



*મોતીપુરા ગામમાં કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું .  ડૉ . અંજના રાવલ તથા ડૉ .આશિષ સોલંકી ,એકસંઘ ના મેનેજર તેજલબેન શાહ તૃષાબેન ઠક્કર , નાટક ના ડાઇરેક્ટર : જીમેશભાઈ પ્રોજેક્ટ કોઓર્ડિનેટર : પ્રીતિ વાલ્મીક અને એકસંઘના સ્વયંસેવક : પન્નાબેન પટેલ  સ્ટાફનર્સ : શકુબેન ,ધરતી  તથા રેખાબેન તમામે પોતાનો અમૂલ્ય સમય આપીને કેમ્પને સફળ બનાવ્યો હતો . ૮૦ જેટલા દર્દીઓએ કેમ્પ નો લાભ લીધો અને તેમાથી ૨૦ જેટલા દર્દીઓને મેમોગ્રાફી  કરવામાં આવી હતી .અને ૨ દર્દીઓને કરમસદ બાયોપ્સી માટે પણ મોકલવામાં આવ્યા હતાં.*










## સેવક ફાઉંડેશન દ્વારા આયોજિત સેમિનાર માં ભાગ લેતા એકસંઘ ના સભ્યો















## *MEET THE EKSANGH TEAM*



**પારુલબેન ગાંધી**
મેનેજર
સ્તન કેન્સર માં ડોકટર નું પાત્ર



**તેજલબેન શાહ**
મેનેજર
સ્તન કેન્સર માં ગીતાબેન નું પાત્ર



**તૃષાબેન ઠક્કર**
મેનેજર
સ્તન કેન્સરમાં રંગલી નું પાત્ર



**જીમેશભાઇ શાહ**
ડ્રામા ટીચર



**પ્રીતિ વાલ્મીક**
પ્રોજેક્ટ કૉ-ઓર્ડિનેટર



**જયશ્રીબેન રામી**
એકસંઘ ના ફાઉન્ડર



### સોનલબેન જોશી

કેન્સર જાગૃતિ અભિયાનના શેરી નાટકમાં " રંગલી " નું પાત્ર ભજવે છે. અને કેમ્પમાં  સ્વયંસેવક તરીકે પણ તેમણે સેવા આપેલી છે.



### જ્યોત્સ્નાબેન ભિમાની

કેન્સર જાગૃતિ અભિયાનના શેરી નાટકમાં " સંગીતાબેન " નું પાત્ર ભજવે છે.



### ચૈતાલીબેન શાહ

કેન્સર જાગૃતિ અભિયાનના શેરી નાટકમાં "ગીતાબેન " નું પાત્ર ભજવે છે. તે ઉપરાંત મોઢાના કેન્સર ના નાટક માં ઈશા નું પાત્ર અને રોડ સેફટી નાટક માં બહેન તરીકેનું પાત્ર ભજવે છે . તથા કેમ્પમાં સ્વયંસેવક તરીકે પણ તેમણે સેવા આપેલી છે.



### પારૂલબેન ત્રિવેદી

કેન્સર જાગૃતિ અભિયાનના શેરી નાટકમાં " સાધના-શેઠાણી " નું પાત્ર ભજવે છે.



### જ્યોત્સ્નાબેન શાહ

કેન્સર જાગૃતિ અભિયાનના શેરી નાટકમાં "સાધના-શેઠાણી " નું પાત્ર ભજવે છે.



### વીરાજબેન પંડિત

કેન્સર જાગૃતિ અભિયાનના શેરી નાટકમાં " માલતીબેન-ડોક્ટર  " નું પાત્ર ભજવે છે.



### જૈનબબેન સિગાપુરવાળા

કેન્સર જાગૃતિ અભિયાનના શેરી નાટકમાં "હર્ષાબેન " નું પાત્ર ભજવે છે.



### સ્નેહલબેન સોની

કેન્સર જાગૃતિ અભિયાનના શેરી નાટકમાં " ગીતા બેન  " નું પાત્ર ભજવે છે.



### ગોપીબેન કાપડિયા

એકસંઘમાં સ્વયંસેવક તરીકે કાર્ય કરે છે . કેમ્પમાં  સ્વયંસેવક તરીકે પણ તેમણે સેવા આપેલી છે.



### બિરુદબેન નાગર

એકસંઘમાં સ્વયંસેવક તરીકે કાર્ય કરે છે . કેમ્પમાં  સ્વયંસેવક તરીકે પણ તેમણે સેવા આપેલી છે.



### સોનલબેન લશ્કરી

કેન્સર જાગૃતિ અભિયાનના શેરી નાટકમાં " સંગીતાબેન  " નું પાત્ર ભજવે છે.



### એકતાબેન સોની

એકસંઘમાં  સ્વયંસેવક  તરીકે  કાર્ય કરે છે . તથા કેમ્પમાં સ્ટાફનર્સ તરીકે પણ કાર્ય કરે  છે .



**રસિલાબેન પટેલ**

એકસંઘમાં સ્વયંસેવક તરીકે કાર્ય કરે છે .



**હંસિકાબેન**

એકસંઘમાં  સ્વયંસેવક  તરીકે  કાર્ય કરે છે .



**રીટાબેન ઠક્કર**

કેન્સર જાગૃતિ અભિયાનના શેરી નાટકમાં " ગીતાબેન  " નું પાત્ર ભજવે છે.



**પન્નાબેન પટેલ**

એકસંઘમાં સ્વયંસેવક તરીકે કાર્ય કરે છે. કેમ્પમાં  સ્વયંસેવક તરીકે પણ તેમણે સેવા આપેલી છે.



**ભક્તિબેન કંસારા**

કેન્સર જાગૃતિ અભિયાનના શેરી નાટકમાં " સંગીતાબેન  " નું પાત્ર ભજવે છે.



**શોભનાબેન જાગીરદાર**

કેન્સર જાગૃતિ અભિયાનના શેરી નાટકમાં "માલતીબેન-ડોક્ટર " નું પાત્ર ભજવે છે.



**શારદા બેન**

એકસંઘમાં સ્વયંસેવક તરીકે કાર્ય કરે છે .



**ડૉ .અંજનાબેન રાવલ**

એકસંઘમાં સ્વયંસેવક તરીકે કાર્ય કરે છે. કેમ્પમાં પણ તેઓ સેવા આપે છે .




**દિવ્યાબેન શાહ**

કેન્સર જાગૃતિ અભિયાનના શેરી નાટકમાં "હર્ષાબેન " નું પાત્ર ભજવે છે.



**શકુંતલાબેન રાવળ**

એકસંઘમાં  સ્વયંસેવક  તરીકે  કાર્ય કરે છે . તથા કેમ્પમાં સ્ટાફનર્સ તરીકે પણ કાર્ય કરે  છે .



**રાજુલબેન શાહ**

કેન્સર જાગૃતિ અભિયાનના શેરી નાટકમાં "હર્ષા બેન " નું પાત્ર ભજવે છે.



**બીજલબેન સુખડિયા**

કેન્સર જાગૃતિ અભિયાનના શેરી નાટકમાં "રંગલી " નું પાત્ર ભજવે છે.



### દક્ષાબેન પટેલ

કેન્સર જાગૃતિ અભિયાનના શેરી નાટકમાં " ગીતાબેન " નું પાત્ર ભજવે છે. કેમ્પમાં સ્વયંસેવક તરીકે પણ તેમણે સેવા આપેલી છે.



### કિર્તીબેન પટેલ

કેન્સર જાગૃતિ અભિયાનના શેરી નાટકમાં "હર્ષા બેન" નું પાત્ર ભજવે છે.



### ઇલાબેન પારેખ

કેન્સર જાગૃતિ અભિયાનના શેરી નાટકમાં "સાધના-શેઠાણી " નું પાત્ર ભજવે છે.



### હેતલબેન વ્યાસ

કેન્સર જાગૃતિ અભિયાનના શેરી નાટકમાં "માલતીબેન-ડોક્ટર " નું પાત્ર ભજવે છે.



### ધરતીબેન રાવળ

એકસંઘમાં સ્વયંસેવક તરીકે કાર્ય કરે છે . તથા કેમ્પમાં સ્ટાફનર્સ તરીકે પણ કાર્ય કરે છે .



### રેખાબેન જાદવ

એકસંઘમાં સ્વયંસેવક તરીકે કાર્ય કરે છે . તેમજ કેમ્પમાં સ્વયંસેવક તરીકે કાર્ય કરે છે.



### ભાર્ગવ શાહ

મોઢાના કેન્સર ના નાટક માં "કપિલ " નું પાત્ર અને રોડ સેફટી નાટક માં ભાગ લે છે .



### સંકેત શાહ

મોઢાના કેન્સર ના નાટક માં "વિજય "નું પાત્ર ભજવે છે .



### મનન શાહ

મોઢાના કેન્સર ના નાટક માં " કિરીટ " નું પાત્ર ભજવે છે .

Eksangh Newsletter Written By:

Priti Valmik (Project Coordinator)